૧૦૧/૦૨, એફ.એસ.એચ-૨,બિન આદિજાતી મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજના તળે ઇનપુટ સબસીડી માટે રૂા.૧૨૦.૦૦ લાખની જોગવાઇને વર્ષ ૨૦૧૮-૧૯ માં નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૩૨૦૧૮/૧૨૭૬/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- ગુમ/ઝ-૮/૧૦૧-૦૨/ નવી બાબત /૨૦૧૭-૧૮/૨૬૫૫, તા.૦૬/૧૨/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- ગુમ/ઝ-૮/૧૦૧-૦૨ / નવી બાબત /૨૦૧૭-૧૮/૩૨૬૯, તા.૨૬/૦૩/૨૦૧૮

ઠરાવઃ-

૧. વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી ૧૦૧/૦૨, એફ.એસ.એચ-૨, મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજના તળે ઇનપુટ સબસીડી માટે રૂા.૧૨૦.૦૦ લાખની જોગવાઇને સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી મત્સ્યોદ્યોગ કમિશ્નર કચેરી હસ્તક રાજ્યમાં ગામ તળાવનાં ઇજારદારોને તથા ખાનગી તળાવના મત્સ્ય ઉછેરકોને ઈનપુટ કોસ્ટ જેમ કે મત્સ્ય બીજ, મત્સ્ય ખોરાક, ખાતર અને દવાઓ વગેરે ઉપર સહાય આપવા માટે નવી સેવાની યોજનાને વહીવટી મંજુરી દરખાસ્ત રજુ કરેલ છે.ભારત સરકારશ્રીની બલ્યું રીવોલ્યુશનની ગાઈડ લાઈન મુજબ આ યોજનામાં યુનિટ કોસ્ટ અને સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

સહાયનું ધોરણઃ- ગામ તળાવ, ખાનગી તળાવના એક હેક્ટર દીઠ યુનિટ કોસ્ટ રૂ.૧.૫૦ લાખના ૪૦ ટકા લેખે ઈનપુટ સહાય રૂ.૬૦,૦૦૦/-, અનુસુચિત જાતી/જન જાતી, મહિલા લાભાર્થીઓ અને તેઓની મંડળીઓને યુનિટ કોસ્ટનાં ૬૦ ટકા લેખે રૂ.૯૦,૦૦૦/- તથા મત્સ્યધોગ સહકારી મંડળીઓને યુનિટ કોસ્ટના ૫૦ ટકા લેખે રૂ. ૭૫,૦૦૦/- ઈનપુટ સહાય આપવાનું સૂચવેલ છે. જે તે ગામ તળાવોના ઈજારદારો/ખાનગી તળાવના મત્સ્ય ઉછેરકોને આ સહાય એક જ વાર આપવાનું આયોજન છે. અને આ લાભ વધુમાં વધુ ૧૦ હેક્ટર સુધીનાં અસરકારક જળ વિસ્તાર ધરવાતા લાભાર્થીને જ આપવામાં આવશે. જે તળાવ માટે મત્સ્યધોગ ખાતા દ્વારા અગાઉ ઈનપુટ સહાય આપવામાં આવેલ હોય તેવા ગામ તળાવના ઇજારદાર/ખાનગી તળાવનાં મત્સ્ય ઉછેરકોને આ લાભ મળવાપાત્ર રહેશે નહિ.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં માંગણી નં- ૬, મુખ્ય સદર : ૨૪૦૫,૧૦૧/૦૨, એફ.એસ.એચ-૨, મત્સ્યબીજ ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજના તળે ઇનપુટ સબસીડી માટે રૂા.૧૨૦.00 લાખની જોગવાઇની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

તળાવ સુધારણા માટેની શરતો અને બોલીઓ:-

(૧) આ મંજુરી અન્વયે કરવાના ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પર્વતમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે' "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) રાજયના મીઠાપાણીમાં મત્સ્યોધોગ ક્ષેત્રે આવેલ ગામ તળાવના ઇજારદાર લાભાર્થીઓ/ ઇજારદાર મંડળી/ખાનગી તળાવના મત્સ્ય ઉછેરકોને આ યોજનાઓનો લાભ આપવામાં આવશે

(૧૦) રાજયનાં તમામ જિલ્લાઓમાં આ યોજનાનું અમલીકરણ કરવામાં આવશે.

(૧૧) ગામ તળાવના ઇજારદાર લાભાર્થીઓ/ ઇજારદાર મંડળીને/ ખાનગી તળાવના મત્સ્ય ઉછેરકોને આ સહાય એક જ વાર આપવામાં આવશે અને આ લાભ વધુમાં વધુ ૦.૫ થી ૧૦ હેકટર સુધીના જળવિસ્તાર ધરાવતા ગામ તળાવ/ખાનગી તળાવ માટે આપવામાં આવશે.

(૧૨) જે ગામ તળાવ/ખાનગી તળાવ માટે મત્સ્યોદ્યોગ ખાતા ધ્વારા અગાઉ ઇનપુટ સહાય આપવામાં આવેલ હોય તેવા ગામ તળાવના ઇજારદારને/ ખાનગી તળાવના મત્સ્ય ઉછેરકોને આ લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૧૩) ગામ તળાવના ઇજારદાર/ ઇજારદાર મંડળી/ખાનગી તળાવના મત્સ્ય ઉછેરકોએ આ યોજનાનો લાભ મેળવવા માટે જીલ્લા કચેરીમાં અરજી કરવાની રહેશે. વિભાગીય વડાની સૈધાંતિક મંજુરી મેળવીને માન્ય એજન્સી/ ઉત્પાદક/અધિકૃત સપ્લાયર પાસેથી પાકા બીલથી મત્સ્ય બીજ, મત્સ્ય ખોરાક, ખાતર, દવાઓ વિગેરેની ખરીદી કરવાની રહેશે.

(૧૪) ઇજારદારના કિસ્સામાં ગામ તળાવનો ઇજારો ચાલુ હોવો જોઇએ. તથા ઇજારદારની કામગીરી ઇજારાના કરારની શરતો મુજબ સંતોષકારક હોવી જોઇએ. અને તે અંગેનુ જિલ્લા અધિકારીએ પ્રમાણપત્ર આપેલુ હોવુ જોઇએ.

(૧૫) જનરલ કેટેગરીના લાભાર્થીઓને ઇનપુટ સહાયની યુનિટ કિંમત રૂ.૧.૫૦ લાખ ની મર્યાદામાં ૪૦% લેખે મહત્તમ રૂ.૦.૬૦ લાખ અથવા ખરેખર કિંમતના ૪૦% બે માંથી જે ઓછુ હોય તેટલી રકમ ઇનપુટ સહાય તરીકે ચુકવવાની રહેશે.

(૧૬) અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, મહીલા લાભાર્થીઓ અને તેઓની સહકારી મંડળીઓને યુનિટ કિંમત રૂ.૧.૫૦ લાખની મર્યાદામાં ૬૦% લેખે મહતમ રૂ.૦.૯૦ લાખ અથવા ખરેખર કિંમતના ૬૦% બે માંથી જે ઓછુ હોય તેટલી રકમ ઇનપુટ સહાય તરીકે ચુકવવાની રહેશે.

(૧૭) મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓને યુનિટ કિંમત રૂ.૧.૫૦ લાખની મર્યાદામાં ૫૦% લેખે મહતમ રૂ.૭૫,૦૦૦/- અથવા ખરેખર કિંમતના ૫૦% બે માંથી જે ઓછુ હોય તેટલી રકમ ઇનપુટ સહાય તરીકે ચુકવવાની રહેશે.

(૧૮) સહાય મંજુર કરતા પહેલા જીલ્લા કચેરીએ પૂરતી ચકાસણી કરીને જ દરખાસ્ત કરવાની રહેશે

(૧૯) ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો-2003 હેઠળ જીલ્લા કચેરીમાં નોંધણી કરાવવાની રહેશે.

(૨૦) સહાયની રકમ ડાઇરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) પધ્ધતિથી જે તે લાભાર્થી/ મંડળીના બેંકના ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૨૧) લાભાર્થીએ મત્સ્ય ઉત્પાદનની વિગતો જિલ્લા કચેરીમાં રજુ કરવાની રહેશે.

(૨૨) સહાય મંજુર કરવાની સંપૂર્ણ સત્તા વિભાગીય વડાની રહેશે.

(૨૩) આ યોજના તળે બોલીઓ અને શરતોમાં જરૂર જણાય તો ફેરફાર કરવાની સત્તા મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીને રહેશે.

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | - | ૦૬(નવી બાબત) મહેસુલી ખર્ચ |
| સેકટર | - | ગ—આર્થિક સેવાઓ |
| સબ સેકટર - | | (ક) ખેતી અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | - | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ |
| ગૌણ સદર | - | ૧૦૧- આંતરદેશીય મત્સ્યોદ્યોગ |
| પેટા સદર | - | (૦૨)-એફ.એસ.એચ-૨, મત્સ્યબીજનું ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવા. |

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૦૪/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૩) સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
(૪) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૫) નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ
(૬) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ
(૮) ઉપ મહાલેખાકારશ્રી (ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૧૦) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
(૧૧) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) સીલેકટ ફાઇલ.